# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ                                                                                     તા. ૩૦/૦૫/૨૦૧૭

**કેરળ કોંગ્રેસે ગૌ હત્યા દ્વારા ગૌ માંસની મિજબાનીના કાળા કરતુતોએ દેશનાં કરોડો લોકોના મન-હૃદયમાં આઘાત પહોંચાડીને દેશની સંસ્કૃતિ ઉપર ઘા કર્યો છે. – ભરત પંડ્યા**

-----------------------

**કોંગ્રેસ ભારતની સંસ્કૃતિ વિરોધી વિચારધારા વાળી એક રાજકીય પાર્ટી છે.**

-----------------------

**કોંગ્રેસ આ પ્રકારની ક્રુર અને પાપી ઘટનાઓ દ્વારા દેશમાં શું દિશા આપવા માંગે છે ?**

-----------------------

**ગુજરાત કોંગ્રેસે ગૌ હત્યાના કડક કાયદા સમયે વિધાનસભા ગૃહનો બહિષ્કાર કર્યો હતો.**

-----------------------

**દેશની સંસ્કૃતિ, સભ્યતા, માનબિંદુઓને કોંગ્રેસે કયારે મહત્વ આપ્યું નથી પરંતુ નહેરૂ-ગાંધી પરિવારના નેતાઓને જ મહત્વ આપ્યું છે.**

-----------------------

**કોંગ્રેસ વાણી સ્વતંત્રતા અને ખાન-પાનની સ્વતંત્રતા દ્વારા દેશની સંસ્કૃતિ વિરૂદ્ધ લાગણીઓને ઉશ્કેરવાનું કામ કરી રહી છે.**

-----------------------

**આ કેરળ નથી, આ ગુજરાત છે. કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપની સરકાર છે.**

-----------------------

**ગુજરાત કોંગ્રેસ, કેરળના કોંગ્રેસીઓ કરેલ ગૌવંશની હત્યા અને ગૌ માંસની પાર્ટીનો જવાબ આપે.**

-----------------------

ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, કેરળ ખાતેની કોંગ્રેસના નેતા અને કાર્યકર્તાઓએ જાહેરમાં કરેલી ગાયનાં વાછરડાની હત્યા બાદ ગૌમાંસ પકવીને મિજબાનીનું ઘોર કૃત્ય સમગ્ર દેશનાં કરોડો નાગરીકોના હ્રાદયને હચમચાવી ગયું છે. કોંગ્રેસના આ અપકૃત્યને વખોડી નાંખીને દેશની જનતાએ તીવ્ર પ્રત્યાઘાત સાથે કોંગ્રેસ સામે ધિક્કાર અને નફરતની લાગણી પ્રગટ કરી છે.

શ્રી પંડયાએ કેરળ કોંગ્રેસના આ અપકૃત્યની ઘોરનિંદા કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના આ પ્રકારના કાળા કરતુતો દેશનાં કરોડો લોકોના મન-હ્રાદયમાં આઘાત પહોંચાડનારા છે અને દેશની સંસ્કૃતિ, અસ્મિતા પર ઘા કરનારા છે. કોંગ્રેસ આ પ્રકારની ક્રુર અને પાપી ઘટનાઓ દ્વારા દેશમાં શું દિશા આપવા માંગે છે ? કોંગ્રેસ આ પ્રકારના વાણી, વર્તન, વ્યવહારથી ભારતીય સંસ્કૃતિ સામે પોતાની વિકૃત માનસિકતા વ્યકત કરી રહી છે. કોંગ્રેસ ભારત દેશની સંસ્કૃતિ, અસ્મિતા, પરંપરા અને દેશની વિચારધારા વિરૂદ્ધની એક રાજકીય પાર્ટી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપ સરકારે જયારે ગુજરાતમાં ગૌ હત્યા માટેનો કડક કાયદો લાવવા માટેનું વિધયેક રજૂ કર્યું ત્યારે કોંગ્રેસે તેનો વિધાનસભા ગૃહનો બહિષ્કાર કર્યો હતો. આજે કેરળમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા ઘોર નિંદનીય કૃત્ય કરવામાં આવ્યું છે. ત્યારે ગુજરાત કોંગ્રેસ તેને છાવરવા માટે ભાજપ ઉપર જૂઠ્ઠા આક્ષેપો લગાવી રહી છે.

... ૨ ...

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે ઈતિહાસમાં 'મહારાણા પ્રતાપ'ના બદલે 'અકબર'ને વધુ મહત્વ આપ્યું, 'શિવાજી' કરતાં પણ વિશેષ 'ઔરંગઝેબ'ને મહત્વ આપ્યું હતું. દેશની સંસ્કૃતિ, સભ્યતા, માનબિંદુઓને કોંગ્રેસે કયારે મહત્વ આપ્યું નથી પરંતુ 'નહેરૂ-ગાંધી' પરિવારના નેતાઓને જ મહત્વ આપ્યું છે. ઈતિહાસને તોડી-મરોડીને રજૂ કરવાનું કાર્ય કોંગ્રેસ કર્યું છે.

શ્રી પંડયાએ જણાવ્યું કે, પહેલા વાણી-વર્તનની સ્વતંત્રતા માટે 'જે.એન.યુ.'માં 'અફઝલ' જેવા આતંકવાદીને શહીદ કહીને સમર્થન આપ્યું હતું. હવે, ખાન-પાનની સ્વતંત્રતા નામે ગૌ હત્યા કરીને ગૌ માંસની પાર્ટી કરીને દેશની સંસ્કૃતિ વિરૂદ્ધ લાગણીઓને ઉશ્કેરવાનું કામ કોંગ્રેસ કરી રહી છે. પરંતુ ગુજરાત કોંગ્રેસ એટલું સમજીલે કે, આ કેરળ નથી પણ આ ગુજરાત છે. કેન્દ્રમાં કોંગ્રેસની નહીં પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અને રાજયમાં શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ભાજપની સરકાર છે.

કોંગ્રેસના સંસ્કૃતિ વિરોધના વિચારો કયારે દેશ કે ગુજરાતની જનતા સ્વીકારતી નથી. ગુજરાત કોંગ્રેસ, કેરળના કોંગ્રેસીઓએ કરેલ ગૌવંશની હત્યા અને ગૌ માંસની પાર્ટીનો જવાબ આપે. ગુજરાત વિધાનસભા ગૃહમાં ગૌ હત્યા સંદર્ભમાં વિધેયક લાવવામાં આવ્યું ત્યારે ગુજરાત કોંગ્રેસે વિધેયકનો હોબાળો કરીને ગૃહનો બહિષ્કાર કર્યો હતો તે ગુજરાતની જનતા ભૂલી નથી. તેમશ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ